IIT-Gના 8માં કોન્વોકેશનમાં પિરામલ ગ્રૂપના વા.ચેરપર્સન ડૉ.સ્વાતિ પિરામલે કહ્યું કે

# મહેનત, લગન અને તાકાતથી સપનાને સાકાર કરી શકાય છે

IIT ગાંધીનગરના કોન્વોકેશનમાં 394 વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત કરવામાં આવી

સિટી રિપોર્ટર sbamdavad@gmail.com

IIT ગાંધીનગરનો 8મો કોન્વોકેશન શનિવારે આઈઆઈટી ગાંધીનગરના પાલજ કેમ્પસ ખાતે યોજાઈ ગયો. જેમાં બી.ટેક, એમ.ટેક, પીએચડી જેવા કોર્સમાં સ્ટડી કરનાર 394 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. કોન્વોકેશનમાં પ્રોફેસર અમિત પ્રસન્નાએ આઈઆઈટીનો એન્યુઅલ પ્રોગ્રેસ રિપોર્ટ જણાવ્યો હતો. કોન્વોકેશનના ચીફ ગેસ્ટ તરીકે પિરામલ ગ્રૂપના વાઈસ ચેરપર્સન ડૉ.સ્વાતિ પિરામલે હાજરી આપીને વિદ્યાર્થીઓને ભારતની મહાન પ્રતિભાઓ અને આધ્યાત્મિકતામાંથી લાઈફ લર્નિંગ લેશન કેવી રીતે શીખી શકાય તે વિશે વાત કરી હતી.

## 25 વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ, 13ને સિલ્વર જ્યારે 15 વિદ્યાર્થીને મળ્યા એવોર્ડ





ડૉ.સ્વાતિ પીરામલ,
પિરામલ ગ્રૂપના વાઇસ ચેરપર્સન

FIRST PERSON

નોલેજ, પાવર અને એકાગ્રતાથી જીવનમાં આગળ વધી શકાય છે. એક નાનો એવો વિચાર ઘણું બધુ બદલી શકે છે. હું એક વૈજ્ઞાનિક છું તેમ છતાં દરરોજ રાત્રે કંઈક નવું વાંચતી રહું છું અને નવું જાણું છું. જ્ઞાન માણસને અલગ બનાવે છે. પબ્લિક પોલિસી, સાયન્સ અને ઈનોવેશન મોટો ઈમ્પેક્ટ ક્રિએટ કરે છે. મહાત્માં ગાંધી એક સામાન્ય વ્યક્તિ હતા. તેમ છતાં પોતાની હિમ્મતના જોર પર આઝાદ ભારતના સ્વપ્નને સાકાર કર્યું. જે સપનું અશક્ય લાગે તેમાં મહેનત, લગન અને તાકાતથી તમે સપનાને સાકાર કરી શકો છો.

**Title:** Dreams can be realised with hardwork, passion and strength, said Dr Swati Piramal during the 8th Convocation of IITGN
**Source:** City Bhaskar (Pg. no. 01)
**Date:** 28/07/2019